# 89

## રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી

*15/3/474 **શ્રી કિરીટકુમાર પટેલ(પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટે શિક્ષકોની ભરતી માટેની પરીક્ષા છેલ્લે ક્યારે લેવામાં આવેલ, | (૧) | તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટેની કોમ્પ્યુટર વિષયની ટાટ(માધ્યમિક)ની મુખ્ય પરીક્ષા તા.૨૫/૦૬/૨૦૨૩ના રોજ લેવામાં આવેલ હતી અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટેની કોમ્પ્યુટર વિષયની ટાટ(ઉચ્ચત્તર માધ્યમિક)ની પરીક્ષા તા.૨૮/૧૦/૨૦૧૮ના રોજ લેવામાં આવેલ હતી. |
| (૨) ઉક્ત પરીક્ષામાં કેટલા ઉમેદવારો નોંધાયેલ તે પૈકી કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપેલ, | (૨) | તા.૨૫/૦૬/૨૦૨૩ના રોજ યોજાયેલ કોમ્પ્યુટર વિષયની ટાટ(માધ્યમિક) મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા ૧૨૨૯ હતી પૈકી ૧૨૨૯ ઉમેદવારોએ પરીક્ષા આપેલ હતી અને તા.૨૮/૧૦/૨૦૧૮ના રોજ યોજાયેલ કોમ્પ્યુટર વિષયની ટાટ(ઉચ્ચત્તર માધ્યમિક) પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારની સંખ્યા ૪૪૯ હતી તે પૈકી ૩૬૮ ઉમેદવારોએ પરીક્ષા આપેલ હતી. |
| (૩) તે પૈકી કેટલા ઉમેદવારો પાસ થયેલ, અને | (૩) | કોમ્પ્યુટર વિષયની ટાટ(માધ્યમિક) મુખ્ય પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની સંખ્યા ૮૧૧ અને કોમ્પ્યુટર વિષયની ટાટ(ઉચ્ચતર માધ્યમિક) પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારની સંખ્યા ૨૧૦ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ પાસ થયેલા ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને નિમણૂક આપવામાં આવી અને કેટલા ઉમેદવારોને કયા કારણોસર નિમણૂક આપવાની બાકી છે ? | (૪) | ઉક્ત સ્થિતિએ પાસ થયેલા ઉમેદવારો પૈકી મેરીટ કમ પ્રેફરન્સના આધારે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ની શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા અન્વયે માંગણા પત્રક મુજબ માધ્યમિક વિભાગમાં ૮૧ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૨૫ એમ કુલ ૧૦૬ શિક્ષણ સહાયકને નિમણૂક આપવામાં આવી. માંગણા પત્રક મુજબની જગ્યા પર તમામને નિમણૂક આપી દેવામાં આવેલ છે. |

---